વરસાદમાં લોકશાહીનો પર્વ ઉજવવા મતદારો ઉમટી પડ્યા

બારડોલી તાલુકાની ગ્રામ પંચાયતોમાં સરેરાશ 78 ટકા શાંતિપૂર્ણ મતદાન

સામાન્ય ચૂંટણીમાં સભ્ય માટે 78.39 ટકા અને સરપંચ માટે 78.04 ટકા તેમજ પેટા ચૂંટણીમાં 66.05 ટકા મતદાન

બારડોલી : બારડોલી તાલુકાની 4 ગ્રામ પંચાયતમાં સામાન્ય અને 3 ગ્રામ પંચાયતના ચાર વોર્ડ માટે પેટા ચૂંટણી યોજાઈ હતી. સાંજે 5 વાગ્યા સુધી સરેરાશ સામાન્ય ચૂંટણીમાં સભ્ય માટે 78.39 ટકા અને સરપંચ માટે 78.04 ટકા તેમજ પેટા ચૂંટણીમાં 66.05 ટકા મતદાન થયું હતું. સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થતાં જ મતદાન કેન્દ્રો પર મતદારોની કતાર જોવા મળી હતી. વરસતા વરસાદમાં પણ લોકો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરતા નજરે પડ્યા હતા.

બારડોલી તાલુકાની 7 ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી હતી. જો કે 3 ગ્રામ પંચાયતો ઝરીમોરા, સેજવાડ અને કણાઈ સમરસ થઈ હતી. જ્યારે ચાર ગ્રામ પંચાયતો અલ્લુમાં સરપંચ અને વોર્ડ નંબર 1 તેમજ 3 થી 8 માટે, પારડી વાલોડમાં સરપંચ અને વોર્ડ નંબર 1 માટે, વાઘેચ-કુવાડિયા જૂથમાં સરપંચ, વોર્ડ નંબર 1 થી 6 અને 8 માટે તેમજ મસાડમાં સરપંચ અને વોર્ડ નંબર 1 થી 8 માટે મતદાન થયું હતું.

જ્યારે 14 ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી જાહેર થઈ હતી, જેમાં સમથાણ, રામપુરા (સરપંચ), સાંકરી, ભામૈયા, તરભોણ, સીંગોદ, વાઘેચા-કડોદ, હિંડોલીયા, વડોલી, ઓરગામ, ઉછરેલ, નાની ભટલાવ તેમજ વાંસકુઈ ગ્રામ પંચાયતમાં ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

જ્યારે નાંદીડામાં વોર્ડ નંબર 3, તેનમાં વોર્ડ નંબર 1 અને કડોદ મિયાવાડીમાં વોર્ડ નંબર 5 અને 7 માટે મતદાન થયું હતું. તમામ ગ્રામ પંચાયતોમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. ક્યાંય કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

કડોદના બે વોર્ડની પેટા ચૂંટણીમાં ૬૫.૧૬% મતદાન

કડોદ : કડોદ ગ્રામ પંચાયતના વોર્ડ ન.૫ અને ૭ માં આજરોજ પેટા ચૂંટણી યોજાઈ હતી. વોર્ડ નં.૫ માં કુલ ૭૧૩ માથી ૪૨૩ મતદારોએ તથા વોર્ડ નં. ૭ માં કુલ ૫૨૪ માથી ૩૮૩ મતદારોએ મતદાન કર્યું છે. કુલ મતદાન ૬૫.૧૬% થયું છે.

નેત્રંગમાં દોઢ ઇંચ મેઘમહેર છતાં મતદારોએ મતદાનની ફરજ નિભાવી

ભરૂચ, અંકલેશ્વર : ભરૂચ જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીનાં દિવસે પણ મતદારો વરસતા વરસાદી માહોલમાં મતદાન કરવા કરવાની ફરજ પડી હતી. ઈલેકશન વિભાગે ભર ચોમાસામાં જ ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર કરતા મતદારો થોડા અકળાયા હતા. ભરૂચ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થયો હતો. 24 કલાકમાં સૌથી વધારે નેત્રંગમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો હતો. ભરૂચ જિલ્લા સહિત ગુજરાત અને મધ્ય પ્રદેશમાં ભારે વરસાદના કારણે નદી-નાળા છલકાયા છે. ભરૂચ જિલ્લામાં શનિવારે સાંજે 6થી રવિવારે સાંજે 6 વાગ્યાના 24 કલાકમાં જંબુસરને 13 મીમી, આમોદમાં 4 મીમી, વાગરામાં 19 મીમી, ભરૂચમાં 21 મીમી, ઝઘડિયામાં 13 મીમી, અંકલેશ્વરમાં 15 મીમી, હાંસોટમાં 7 મીમી, વાલિયામાં 26 મીમી અને સૌથી વધુ નેત્રંગમાં 35 મીમી વરસાદ પડ્યો હતો.

સામાન્ય ચૂંટણીમાં મતદાનની ટકાવારી

અલ્લુ
સભ્ય - 74.56 ટકા
સરપંચ - 74.51 ટકા
પારડી વાલોડ
સભ્ય - 93.75 ટકા
સરપંચ - 81.58 ટકા
વાઘેચા - કુવાડિયા
સભ્ય - 78.17 ટકા
સરપંચ - 77.30 ટકા
મસાડ
સભ્ય - 82.18 ટકા
સરપંચ - 82.18 ટકા

ચૂંટણીનું મતદાન

નાંદીડા - 87.13 ટકા
તેન - 67.58 ટકા
કડોદ મિયાવાડી - 63.65

લોકશાહીના પર્વમાં ભરૂચના વૃદ્ધ અને અશક્ત મતદારોનું ઉત્સાહભેર મતદાન

ભરૂચ જિલ્લાની 47 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં 5 વાગ્યા સુધીમાં 58.23 ટકા મતદાન

20 પેટા ચુંટણીમાં 67.28 ટકા મતદાન, ઉમેદવારોના ભાવિ મતપેટીમાં સીલ, 25 જૂને મતગણતરી

ભરૂચ, અંકલેશ્વર : ભરૂચ જિલ્લાની પંચાયતીરાજની ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા યોજાઇ હતી. સવારના 7 વાગ્યાથી શરૂ થયેલા મતદાન પ્રક્રિયામાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વરસતા વરસાદમાં સાંજે 5 વાગ્યા સુધીમાં 47 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં 58.23 ટકા મતદાન, જ્યારે 20 પેટા ચૂંટણીમાં 67.28 ટકા મતદાન થયું હતું. એક કલાક બાકી હોવાથી મતદાનની ટકાવારીમાં થોડો વધારો થશે.

ભરૂચ જિલ્લાની કુલ 85 પૈકી 18 પંચાયતો સમરસ જાહેર થઇ હતી, તેથી 67 ગ્રામ પંચાયત માટે ચૂંટણી પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા યોજાઇ હતી. ભરૂચના તવરા, ઝાડેશ્વર, બંબુસર સહિતની ગ્રામ પંચાયતો માટે મતદાન પ્રક્રિયા યોજાઇ હતી. બંબૂસર ગામે સરપંચ પદ માટે પેટા ચૂંટણી યોજાઈ હતી. બંબુસર ગામે સરપંચ પદ માટે અત્યાર સુધી સમરસ થતું આવ્યું હતું અને 2021માં ચૂંટણી યોજાઈ હતી. જેમાં મતદાનના 2 દિવસ પહેલા સરપંચ પદના ઉમેદવારનું નિધન થતા ચૂંટણી ઠેલાઈ હતી. સરપંચ પદ માટે હાલ યોજાઈ રહેલી ચૂંટણીમાં બંબૂસર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદ માટે પેટા ચૂંટણી યોજાઈ છે. જેમાં 3 ઉમેદવારોએ ઉમેદવારી કરતા આજરોજ મતદાન યોજાયું હતું. આ ઉપરાંત તવરા ગ્રામ પંચાયતની બેઠક પર મતદાન બુથ પર મતદારોની લાંબી કતાર જોવા મળી હતી અને વરસતા વરસાદમાં પણ મતદારોનો ઉત્સાહ જોવા મળ્યો હતો. લોકશાહીના પર્વમાં વૃદ્ધ અને અશક્ત મતદારોએ ઉત્સાહભેર મતદાન કરીને અન્ય લોકો માટે પ્રેરણારૂપ બન્યા હતા.

અંકલેશ્વરની 23 પંચાયતમાં ઉત્સાહભેર મતદાન

અંકલેશ્વર તાલુકામાં 23 ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. તાલુકાની કુલ 27 ગ્રામ પંચાયતમાંથી 4 પંચાયતો સમરસ જાહેર થઈ હતી. 23 ગ્રામ પંચાયતોમાંથી 12 ગ્રામ પંચાયતોને સંવેદનશીલ જાહેર કરવામાં આવી હતી. ચૂંટણીની કામગીરીમાં 250 કર્મચારીઓ જોડાયા હતા. અંકલેશ્વરના માંડવા, કોસમડી, સજોદ સહિત 23 ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું. અને ઉમેદવારોએ પોતાની જીતના દાવા કર્યા હતા. આગામી તારીખ 25મી જૂનના રોજ મતગણતરીના દિવસે ઉમેદવારોના ભાવિનો ફૈસલો થશે.

પગમાં ફ્રેક્ચર, ડોક્ટરની આરામની સલાહ છતાં મતદાનને મહત્વ આપ્યું

ભરૂચ : ભરૂચ જિલ્લાના ઝાડેશ્વર ગામના યુવકને અકસ્માત થતા પગમાં ફ્રેક્ચર થયું હતું. ડોક્ટર દ્વારા આરામ કરવાની સલાહ છતાં લોકશાહીના અવસરમાં ભાગીદાર થવા મતદાન કર્યું હતું. અને અન્ય નાગરિકોને અચૂક મતદાન કરવા માટે અનુરોધ કર્યો હતો.

પીપલપાન પંચાયતની ચૂંટણીમાં રૂપિયા વહેંચતા બે ઝડપાયા

ઝઘડીયા, ભરૂચ : ઝઘડિયા તાલુકાના પીપલપાન ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં શનિવારે રાત્રે 12 વાગ્યે સરપંચના ઉમેદવાર પદમાબેન વસાવાના બે સાગરીતો પૈકી વિજેન્દ્રસિંહ ડાહ્યાભાઈ વસાવા અને મોતીસિંહ લક્ષ્મણભાઈ વસાવા એક મતના 500 રૂપિયાની વહેંચણી કરતા હતા. આ બાબતની ફરિયાદ અંગે ચૂંટણી પંચે તપાસ મધરાત્રે તંત્ર દોડી આવતાબંને સમર્થક પાસેથી ચૂંટણી અધિકારીએ રોકડા રૂપિયા 35000 કબજે કર્યા હતા. જે બાબતે સિનિયર ક્લાર્ક દીપકભાઈ ફણસિયાએ રાજપારડીમાં પોલીસમાં આચારસંહિતા ભંગ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

સજોદમાં મતદારોમાં રૂપિયા વહેંચાતા હોવાનો વિડીયો વાયરલ થતાં હોહા

આદિવાસી વસ્તી ધરાવતા વોર્ડ ૧ અને ૨ માં મતદારોમાં વિકાસ પેનલ દ્વારા પૈસા વહેંચતા હોવાનો આક્ષેપ સહકાર પેનલે કર્યો

ડીવાયએસપી સહિત પોલીસ કાફલો સજોદ ખાતે પહોંચ્યો, ચૂંટણી અધિકારીને રજૂઆત

અંકલેશ્વર : અંકલેશ્વર તાલુકાના સજોદ ગ્રામપંચાયતની ચૂંટણીમાં સહકાર અને વિકાસ પેનલ વચ્ચે ચૂંટણીનો જંગ ખેલાય રહ્યો છે ત્યારે રવિવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ચાલી રહેલા મતદાન દરમ્યાન વિકાસ પેનલ દ્વારા વોર્ડ નંબર એક અને બે માં મતદારોમાં રૂપિયા વહેંચતા હોવાનો આક્ષેપ સહકાર પેનલ દ્વારા કરવામાં આવતા પોલીસ અને તંત્ર સજોદ ગામ ખાતે પહોંચી વાયરલ વિડીયોના આધારે કાર્યવાહી હાથ ધરી હતી.

અંકલેશ્વરના સજોદ ગામ ખાતે ગ્રામપંચાયતની ચૂંટણીની મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો અને તમામ બુથો ઉપર સવારથી મતદારોની લાંબી કતારો લાગી હતી. આ ચૂંટણીમાં સહકાર અને વિકાસ પેનલ વચ્ચે ચૂંટણી જંગ ખેલાય રહ્યો છે ત્યારે તમામ બુથો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન પ્રક્રિયા પ્રારંભ થતા વરસતા વરસાદમાં મતદારો ઉત્સાહભેર મતદાન કરવા આવી પહોંચ્યા હતા. દરમ્યાન સજોદના આદિવાસી વસ્તી ધરાવતા વોર્ડ નંબર એક અને બે માં મતદારોમાં રૂપિયા વહેંચાતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો. આ વિડીયો જોતા વિકાસ પેનલ મતદારોમાં રૂપિયા વહેંચી રહ્યા હોવાનો આક્ષેપ સહકાર પેનલ દ્વારા કરવામાં આવ્યો હતો અને સહકાર પેનલના આગેવાનોએ ચૂંટણી અધિકારીને જાણ કરી હતી. જો કે આ અંગેની જાણ થતા જ ડીવાયએસપી સહીત રૂરલ પોલીસના પીઆઈ સહીતનો કાફલો સજોદ ખાતે પહોંચી ગયો હતો. તાલુકા ચૂંટણી અધિકારી દ્વારા વાયરલ વિડીયોના આધારે કાર્યવાહી શરુ કરી હતી.

મસાડના મતદાન મથકે 'એકતરફી મતદાન'ના આક્ષેપો સાથે હોબાળો

કર્મચારી દ્વારા કોઈ એક પક્ષની તરફેણમાં મતદાન કરાવવામાં આવી રહ્યાના ગંભીર આક્ષેપો થયા

મતદાન પ્રક્રિયા થોડા સમય માટે ખોરવાયા બાદ અધિકારીઓએ પહોંચીને મામલો શાંત પાડ્યો

બારડોલી : બારડોલી તાલુકાની મસાડ ગ્રામ પંચાયતમાં રવિવારે યોજાયેલી ચૂંટણી દરમિયાન મતદાન મથક પર એક કર્મચારી દ્વારા કોઈ એક પક્ષની તરફેણમાં મતદાન કરાવવામાં આવી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો થતાં ભારે હોબાળો મચી ગયો હતો. આ ઘટનાને કારણે મતદાન પ્રક્રિયા થોડા સમય માટે ખોરવાઈ હતી, જોકે પોલીસ અને ચૂંટણી અધિકારીઓની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને મામલો શાંત પાડ્યો હતો અને નિષ્પક્ષ મતદાન સુનિશ્ચિત કર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, બારડોલી તાલુકાની મસાડ ગ્રામ પંચાયતના તમામ 8 વોર્ડ અને સરપંચની બેઠક માટે રવિવારે મતદાન યોજાયું હતું. સાંજે પાંચ વાગ્યા સુધીમાં કુલ 82.18 ટકા જેટલું ઊંચું મતદાન નોંધાયું હતું. જોકે, મતદાન પ્રક્રિયાના અંતિમ તબક્કા દરમિયાન, મતદાન કેન્દ્રમાં હાજર એક કર્મચારી પર અમુક મતદારોને કોઈ ચોક્કસ પક્ષની તરફેણમાં મતદાન કરવા માટે પ્રભાવિત કરવાનો આરોપ લાગ્યો હતો.

આ આક્ષેપોને પગલે મતદાન મથક પર તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી અને નારાજ થયેલા લોકો દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતાં, પોલીસ કાફલો અને ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને ખાતરી આપી હતી કે મતદાન પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્પક્ષ રીતે જ થશે.

માંડવીની ૧૪ પં.માં સામાન્ય અને બે પં.ની પેટા ચૂંટણીમાં ૮૦ ટકા મતદાન

માંડવીઃ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ગામ ધરાવતા માંડવીની ૧૪ પંચાયતમાં સામાન્ય અને બે ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી યોજાઇ હતી. જેમાં સભ્ય માટે ૮૦.૫૩ ટકા અને સરપંચ માટે મતદારોએ ૮૦.૩૫ ટકા મત આપ્યા હતા. માંડવી તાલુકામાં સવારથી જ ચૂંટણીમાં ઉમળકો જોવા મળ્યો હતો. માંડવીની ૧૪ ગ્રા. પં.માં સામાન્ય અને ૨ પંચાયતની પેટા ચૂંટણીમાં ૮૦ ટકા મતદાન થયું હતું. અગાઉ દઢવાડા, ઝરપણ, પીપરિયા અને લાખ પંચાયત સમરસ થઈ હતી. દસ ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી હતી. પરંતુ આઠ ગ્રામ પંચાયતો બિનહરીફ થતાં માત્ર તડકેશ્વરમાં વોર્ડ નં.૧૩ માટે અને વરેઠના સરપંચ પદ માટે પેટા ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે સમગ્ર દિવસ દરમિયાન તંત્રની પણ દોડધામ રહી હતી અને પોલીસ તંત્રનો પણ સારો સહયોગ રહેતા ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

ઓલપાડ સાથે તાલુકાની 8 ગ્રામ પંચાયતમાં મતદાન

ઓલપાડ : ઓલપાડની 8 ગ્રામ પંચાયતમાં વરસતા વરસાદમાં લોકો મતદાન માટે ઉમટી પડ્યા હતા. તાલુકામાં 18 ગ્રામપંચાયત પૈકી 10 પંચાયત સમરસ થતા ભાજપને સફળતા મળી હતી. જે બાદ ઓલપાડ સહિત ૮ પંચાયતમાં મતદાન થયું હતું. વનમંત્રી મુકેશ પટેલે નધોઇ ગામે મતદાન માટે સપરિવાર સાથે પહોંચ્યા હતા. બીજા અનેક ગામો સમરસ કરાવનાર મુકેશ પટેલ પોતાના ગામને સમરસ ન બનાવી શક્યા હોય તેઓએ જણાવ્યું હતું કે સાયણ જેવા મીની ભારત ગણાતા અને 40 હજારની વસતીવાળુ ગામ બિનહરીફ થયું હોય પણ નધોઇ જેવું નાનું ગામ બિનહરિફ ન થતા અમુક

લોકો ગામમાં લડાવવાના ધંધા કરે છે એવા લોકોથી લોકોએ દૂર રહેવું જોઈએ. તેઓએ બે દિવસ બાદ જીત મેળવનાર સરપંચોને જણાવ્યું કે ચૂંટાઈને આવ્યા પછી કોઈ સરપંચ દ્વેષ ભાવના ન રાખે, પણ તમને વોટ ન આપનાર વ્યક્તિએ આવતા ઈલેક્શનમાં આપણો થાય એવો પ્રયત્ન કરવો જઈએ.

તાપી જિલ્લાની ગ્રામ પંચાયતોમાં સાંજે ૫ વાગ્યા સુધીમાં ૭૦.૬૩% મતદાન નોંધાયું

વરસાદ અને ખેતીની વ્યસ્તતાં છતાં મતદારો લોકશાહી પ્રત્યે ઉત્સાહિત

સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું

પસંદગીનાં સરપંચ-વોર્ડ સભ્યને ચૂંટવા અનોખો થનગનાટ

વ્યારાઃ તાપી જિલ્લાની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ માટે તા. ૨૨/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાયું હતું. જેમાં તમામ ગ્રામ પંચાયતોનું સરેરાશ મતદાન ૭૦.૬૩ નોંધાયુ હતું. પેટા અને સામાન્ય ચૂંટણી બંને મળી સ્ત્રી મતદારોમાં ૭૦.૯૭ અને પુરુષ મતદારોમાં ૭૦.૨૯ ટકા મતદાન સાંજે ૫ કલાક સુધી નોંધાયું હતું. સાંજે ૬ વાગ્યા પછી પણ મતદારોની કતાર હોવાથી કેટલાક બુથ પર મતદાન પ્રક્રિયા લંબાઈ હતી. જિલ્લામાં વરસાદી વાતાવરણ અને ખેડૂતોના ખેતી કાર્યોની વ્યસ્તતા છતાં પણ મતદારોમાં લોકશાહી પ્રત્યે જાગૃત ભાવના સાથે ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો. મતદાન શરૂ થતાની સાથે જ વિવિધ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારોમાં હાજરી નોંધાઈ હતી. આદિવાસી ગ્રામ્ય વિસ્તારોના મતદારોમાં સિનિયર સિટિઝન મતદાન માટે હાથમાં લાકડી અને સહાયક સાથે મતદાન કેન્દ્ર સુધી પહોંચી મત આપતા જોવા મળ્યા હતા. એકંદરે શાંતિપુર્ણ રીતે મતદાન પૂર્ણ થયું હતું. ચૂંટણી દરમ્યાન કોઇ અનિચ્છનિય ઘટના નોંધાઈ નહોતી.

કમર ઝુકી, પણ લોકશાહીના પર્વમાં ભાગ લેવા દોડી આવ્યા

વ્યારા : સર્જુબેન ગામીતની ઉમર 73 વર્ષની છે. મત આપવાનો ઉત્સાહ અનેરો છે. લાકડીના ટેકે ટેકે ધીમે ધીમે માવતર સહજ મિજાજ સાથે આ દાદી પોતાના પૌત્રનો હાથ ઝાલીને મતદાનના ત્યોહારના અગ્રીમ હરોળના દાતા બનવા તૈયાર છે. તેઓને કમરની તકલીફ હોવા છતાં મત આપવા જવાનું ટાળ્યું નથી, વ્યારા તાલુકાના ઊંચામાળા ગામની શાળામાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પોતાના ગામના આવનારા ભવિષ્ય માટે વોટ આપવા દોડીને આવ્યા હતા. સ્યાહીથી અંકિત કરેલી આંગળી માનભેર દર્શાવતા આ દાદી જેવા અનેક બુઝુર્ગ લોકશાહીના સાચાં સેવક સાબિત થયા છે. જે યુવાન અને સશક્ત વ્યક્તિઓ બીમારીઓનું બહાનું કરીને વોટ આપવાનું ટાળે છે તેમના માટે સર્જુબેન પ્રેરણારૂપ છે. તેઓ દેશ પ્રત્યે જાગૃતતા દર્શાવતા પોતાના વોટની કિંમતને જાણે છે. તેથી અન્ય નાગરિકોને પણ વોટ આપવા જવાની વિનંતી કરી રહ્યા છે.

સોનગઢની ૧૦ ગ્રામ પંચાયતમાં સરપંચ-સભ્યોની પ્રથમવાર ચૂંટણી યોજાઇ

વ્યારા : સોનગઢની ૧૦ ગ્રામ પંચાયતોમાં પ્રથમવાર સરપંચ અને સભ્યો માટેની ચૂંટણી યોજાઇ છે. સોનગઢની કુલ પાંચ જૂથ ગ્રામ પંચાયતોનું વિભાજન થતા હાલ ૧૫ જૂથ ગ્રામ પંચાયતોનું નિર્માણ થયુ છે. સોનગઢ તાલુકાનું માંડવીપાણી ગામનો વહિવટ ઘણા લાંબા સમય સુધી વન વિભાગ હસ્તક થતો હોવાથી ઘણા લાંબા સમય સુધી ત્યાં ચૂંટણી થતી ન હતી. રેવન્યુમાં લેવાયા પછી તેને આમલપાડા જૂથ ગ્રામ પંચાયતમાંથી છૂટુ પડાયું હતુ. અહીં પણ સરપંચ અને સભ્યોની પ્રથમવાર ચૂંટણી યોજાઈ છે. જુનવાણ અને હનુમંતિયા ગ્રામ પંચાયત સમરસ થતા સોનગઢમાં નવી ૧૫ ગ્રામ પંચાયતો પૈકીની ૧૩ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી માટે આજે મતદાન થયું હતું. તેમાં ટાપરવાડામાંથી વિભાજન થતાં ટાપરવાડા, ઉમરદા અને ઘનમૌલી એમ ત્રણ ગ્રામ પંચાયતો નવી બની છે. ઉકાઈમાંથી વિભાજન થઈ ઉકાઈ અને વાગદા એમ બે ગ્રામ પંચાયત, આમલપાડામાંથી અલગ થઈ આમલપાડા, સાતકાશી, પાઘડધુમા, બુધવાડા અને માંડવીપાણી મળી કુલ પાંચ ગ્રામ પંચાયત, ચીમકુવાના વિભાજનથી ચિમકુવા, દોણ અને ચાંપાવાડી મળી કુલ ત્રણ ગ્રામ પંચાયતો અને જુનવાણમાંથી જુનવાણ અને હનુમંતીયા મળી કુલ બે ગ્રામ પંચાયતો સાથે ૧૫ ગ્રામ પંચાયતો નવી બની છે. તેમાં ટાપરવાડા, ઉકાઈ, આમલપાડા, ચિમકુવા અને જુનવાણમાં ગત વર્ષોમાં પણ સરપંચ અને સભ્યો હતા તે જેમની તેમ રહેશે. પરંતુ નવી ૧૦ ગ્રામ પંચાયતોમાં પહેલીવાર સરપંચ અને સભ્યોની નિમણૂક થશે.

ભાટકોલ, લીંડિયાત, કુવારદા સહિત આઠ પંચાયતમાં ભારે મતદાન

ઈબ્રાહીમ કાનુ

તમામ ગામે બંને પક્ષના જીતના સરખા દાવા પરંતુ મતદારો કોના ગળામાં વિજયની માળા પહેરાવે છે તે મતપેટી નક્કી કરશે

હથોડા : આજે તારીખ 22 મીએ ભાટકોલ, લીંડિયાત, કુવારદા, નંદાવ, શેઠી, પાણેથા, મોલવણ, છમુછલ અને કંટવામાં પંચાયતની ચૂંટણી વરસતા વરસાદ વચ્ચે યોજાઈ હતી. ભાટકોલ ગામે 82% લીંડીયાત ગામે 87 ટકા, કુવારદા ગામે 56% નંદાવ ગામે 73 ટકા, શેઠી ગામે 85%, પાણેથા ગામે 90 ટકા, મોલવાણ ગામે 84%, કંટવા ગામે 78 ટકા અને છમુછલ ગામે 80% મતદાન નોંધાયું હતું.

સવારથી વરસતા વરસાદ વચ્ચે પણ મતદારોની મોટી લાઈન લાગી હતી. લોકોમાં સરપંચ અને પંચાયતની બોડીને ચૂંટી કાઢવા ઉત્સાહ જણાયો હતો. અને લોકશાહીનો ઉપયોગ કરી સરપંચને ચૂંટી કાઢવા ભારે રસ દાખવ્યો હતો. ઉપરોક્ત તમામ ગામમાં શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજાય તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. ચોમાસામાં ચૂંટણી યોજાતા મતદારોને પરેશાન થવું પડ્યું હતું પરંતુ લોકોએ વરસાદમાં પોતાનો કિંમતી મત આપવા પરેશાનીને કોરાણે મૂકીને મત આપવા લાઈનમાં ઊભા રહ્યા હતા. ગામમાં પંચાયતની ચૂંટણી શાંતિપૂર્ણ સંપન્ન થતાં પોલીસ તંત્રએ રાહતનો દમ લીધો હતો.

માંગરોળની 21 પંચાયતની ચૂંટણીમાં ભારે મતદાન

વાંકલ : માંગરોળ તાલુકાની વાંકલ સહિતની 21 જેટલી ગ્રામ પંચાયતોમાં વરસતા વરસાદ વચ્ચે મતદારોએ ભારે મતદાન કર્યું હતું. માંગરોળમાં ત્રિપાંખિયા ચૂંટણી જંગમાં 3707 મતદારોમાંથી 2805 મતદારોએ મતદાન કર્યું હતું. વાંકલ ગ્રામ પંચાયતમાં ચતુષ્કોણીય ચૂંટણી જંગમાં 4979 મતદારોમાંથી 3733 મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. જેમાં વોર્ડ નંબર ચારમાં 415 મતદારોમાંથી 310 જેટલા મતદારોએ મતદાન કર્યું હતું. વાંકલના વેરાવી ફળિયા બે વોર્ડમાં અભૂતપૂર્વ 880 મતદારોમાંથી 768 મતદારોએ મતદાન કર્યું હતું. વાંકલના યુવાન રાકેશ પંડ્યાને પગે ફ્રેક્ચર હોવા છતાં એમ્બ્યુલન્સમાં આવી મતદાન મતદાન કર્યું હતું.

Milano MULTIPLEX
બારડોલી
Sitaare Zameen Par
11:00am, 01:00pm, 03:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Kuberaa : 05:00pm
Elio : 02:00pm
Housefull 5
10:00am, 12:00pm, 04:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

ખૂબ ખૂબ અભિનંદન

માંડવીના પનોતા પુત્ર માજી ધારાસભ્ય અને કોંગ્રેસ પાર્ટી માટે ખંતીલા કાર્યકર્તા પુરવાર થયેલા આનંદભાઈ ચૌધરી ની સુરત જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવતા તેમની વરણીને આવકારી તેઓ સુરત જિલ્લામાં કોંગ્રેસ પાર્ટીમાં નવા પ્રાણ ફૂંકીને કોંગ્રેસ પાર્ટીને વધુમાં વધુ આગળ ધપાવે તેવી શુભેચ્છા...

આનંદભાઈ ચૌધરી
શુભેચ્છકો
સઇદભાઈ ભાણા

સઈદભાઈ ભાણા (માંગરોળ તાલુકા કોંગ્રેસના ખંતીલા કાર્યકર્તા, હયુરણ)
ડોક્ટર નટવરસિંહ આડમાર (માંગરોળ તાલુકા માજી કોંગ્રેસ પ્રમુખ)
અયાઝ મલેક (સક્રિય કાર્યકર)
પ્રવીણભાઈ કીકાભાઈ વસાવા (સક્રિય કાર્યકર) (કોસંબા)
મહેબૂબ સૈયદ (કોસંબા)
પીયૂષ બારોટ (લીંબાડા)
સલીમ મામુ (કોસંબા)
મહંમદ જે.પી. (નાની નરોલી)
યાકુબભાઈ પઠાણ (કોસંબા)
ઇમરાન હનીફ ખોડીયા (હયુરણ)

જાહેર નોટીસ કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અધીત નં.૧૬૭/૨૦૨૫, તા.૩૦/૦૫/૨૦૨૫
વાદી :- જાનીયાબાઇ ગોકુળભાઇ વસાવા, રહે.મુંજલાવ, કોલોની ફળિયું, તા.માંડવી, જી.સુરત.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નાની નરોલી ગ્રુપ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત
વિષય :- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અનવયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જાનીયાબાઇ ગોકુળભાઇ વસાવા, રહે. મુંજલાવ, કોલોની ફળિયું, તા. માંડવી, જી. સુરતએ તેઓના માતા ભુરીબેન ગોકુળભાઇ વસાવાની મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે.
૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ભુરીબેન ગોકુળભાઇ વસાવા
૨. મરણ તારીખ: ૦૭/૦૫/૧૯૯૭
૩. મરણનું સ્થળ: મોજે.નાની નરોલી, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે ભુરીબેન ગોકુળભાઇ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી